Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં:એસજીજીયુ/વહીવટ/૨૦૨૨/૫૨૨૫૯. તા.૦૫/૦૭/૨૦૨૨

પરિપત્ર:- ૨૭૪૨

વિષય- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આંતરિક કોલેજ ટ્રાન્સફર મેળવવા બાબત.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ટ્રાન્સફર મેળવવા બાબતે માન.કુલપતિશ્રીના આદેશ અનુસાર સ્નાતક કક્ષાના સેમેસ્ટર-૩ અને ૫ માં કોલેજ ટ્રાન્સફર મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ નીચેની સૂચનાઓને આધીન સંબંધિત કોલેજ ખાતે ઓનલાઈન માધ્યમથી અરજી કરવાની રહેશે. ઓનલાઈન નિયત કરેલ ફી ઓનલાઈન માધ્યમથી ભરવાની રહેશે. જેની લીંક- http://sggu.gipl.in/CollegeTransferApplicationForm.aspx મુજબ છે.

**વિદ્યાર્થીઓ માટે સૂચનાઓ:-**

(૧) કોલેજમાં સબંધિત વિષય ચલાવવામાં આવતા હોય તોજ ટ્રાન્સફર અંગેની અરજી ધ્યાને લેવામાં આવશે.

(૨) કોલેજ ટ્રાન્સફર માટે વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ સાથે અંતિમ માર્કશીટની તેમજ હાલ જે કોલેજમાં અભ્યાસ કરે છે તે કોલેજનું એન.ઓ.સી. જોડવાનું રહેશે.

(૩) કોલેજ ટ્રાન્સફર મેળવવા માટે વિદ્યાર્થીઓએ તા.૨૦/૦૭/૨૦૨૨ સુધીમાં ઓનલાઇન અરજીની પ્રિન્ટ તેમજ અંતિમ માર્કશીટ અને એન.ઓ.સી.ની નકલ ટ્રાન્સફર મેળવવા માંગતી કોલેજમાં જમા કરાવવાની રહેશે.

**કોલેજ માટે સૂચનાઓ:-**

(૧) સ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૨ અને ૪માં એટી.કેટી. કે નાપાસ થયેલ વિદ્યાર્થીઓને સેમેસ્ટર-૩ અને ૫માં ટ્રાન્સફર આપી શકાશે જેની તમામ કોલેજ/સંસ્થા અને વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

(૨) કોલેજ ટ્રાન્સફર માટે કોલેજે વિદ્યાર્થી પાસેથી કોઈપણ પ્રકારની ફી વસુલવાની રહેશે નહિ.

(૩) દરેક કોલેજ/સંસ્થાએ જે તે વર્ષની ઇન્ટેક કેપેસીટીની મર્યાદામાં સરકારશ્રી/યુનિવર્સિટીના ધારાધોરણ/નિયમોને આધીન ટ્રાન્સફર આપવાનું રહેશે. ઇન્ટેક કેપેસીટીથી વધુ ટ્રાન્સફર માન્ય રાખવામાં આવશે નહિ. જેની તમામ અંગત જવાબદારી જે તે કોલેજ/સંસ્થાના વડાશ્રીની રહેશે.

(૪) ટ્રાન્સફર અંગેની અરજી વિદ્યાર્થીઓ સાથે મોકલવાની રહેશે નહિ. વિદ્યાર્થીની ઓરીજનલ એન.ઓ.સી. (બંને કોલેજ) અને ઓનલાઈન ભરેલ ફોર્મની કોપી કોલેજ દ્વારા યુનિવર્સિટી ખાતે મોકલી આપવાની રહેશે.

(૫) કોલેજ દ્વારા તા.૨૦/૦૭/૨૦૨૨ સુધીમાં યુનિવર્સિટી ઓનલાઈન પોર્ટલ પર ટ્રાન્સફર ફોર્મ વેરીફાઈ કરવાના રહેશે. તા.૨૦/૦૭/૨૦૨૨ પછી આવેલ અરજીઓ કોલેજે સ્વીકારવાની રહેશે નહિ. જેની ખાસ નોંધ લેવી.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

Address: Govt. Polytechnic Campus, RTO Road, Gadukpur, Godhra, Panchmahal, Gujarat-389001
Website: www.sggu.ac.in